INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**<u>અખબારી યાદી</u>** **<u>તા. ૭–૧૨–૨૦૨૩</u>**

- **સરકારી ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ગુજરાતના હજારો યુવાન યુવતીઓ વારંવાર પરીક્ષા રદ થતાં સમય-શક્તિ ના ખર્ચ સાથે આર્થિક પરેશાની ભોગવી રહ્યા છે.**
- **ભાજપ સરકારની અટકાવવું, લટકાવવું અને ભટકાવવાની નીતિનો ભોગ ગુજરાતના મહેનતકશ યુવક-યુવતીઓ બની રહ્યાં છે.**
- **સરકારના વિવિધ વિભાગમાં મોટા પાયે કર્મચારીઓની ઘટ ત્યારે આઉટ સોર્સીંગ-કોન્ટ્રાક્ટથી ગુજરાતમાં યુવાનોનું આર્થિક શોષણ કરતી ભાજપા સરકાર**

સરકારી ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ગુજરાતના હજારો યુવાન યુવતીઓ વારંવાર પરીક્ષા રદ થતાં સમય-શક્તિ ના ખર્ચ સાથે આર્થિક પરેશાની ભોગવી રહ્યા છે ગુજરાતના મહેનતકશ યુવક-યુવતીઓ. ભાજપ સરકારની અટકાવવું, લટકાવવું અને ભટકાવવાની નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત જાહેર સેવા આયોગની (GPSC) પ્રાથમીક પરીક્ષાઓ યેનકેન પ્રકારે વારંવાર રદ કરી રહી છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ષ ૨૦૨૩ દરમ્યાન પ્રસિધ્ધ થનાર જાહેરાતો માંથી મોટાભાગની પ્રાથમીક પરીક્ષાઓ કેલેન્ડર પ્રમાણે યોજાઇ રહી નથી. તૈયારી કરતા હજારો મહેનતુ ગુજરાતના યુવાન-યુવતીઓના ભવિષ્ય સાથે ભાજપા સરકાર રમત રમી રહી છે. જીપીએસસીની પરીક્ષાઓની પહેલા જાહેરાત પછી બે વર્ષ સુધી પરીક્ષાઓ ન યોજવા પાછળ કોઈ કારણ જણાવાતું નથી. છેલ્લા છ મહિનાથી દર મહિને પ્રાથમીક પરીક્ષાઓ રદ કરવામાં આવી રહી છે. છેલ્લા ૬ મહિનામાં જી.પી.એસ.સી. દ્વારા ૨૦ જેટલી પરીક્ષાઓ 'વહીવટી' કારણો આગળ ધરીને પરીક્ષા મોકૂફ કરવાનો ખેલ ચાલી રહ્યો છે. સરકારી ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ગુજરાતના હજારો યુવાન યુવતી હેરાન પરેશાન થઈ રહ્યાં છે. અનેક વિભાગોમાં મહત્વની જગ્યાઓ ખાલી હોવા છતાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવતી નથી.

**મુખ્યમંત્રી કાર્યાલય સહિત વિવિધ વિભાગોમાં આઠ-દસ વર્ષ થી નિવૃત થયેલા અધિકારીઓ-કર્મચારીઓ મહત્વના પદ પર અડીંગો** જમાવી બેઠા છે, સરકારના મોટા ભાગના વિભાગોમાં અગત્યની જગ્યા પર નિવૃત કર્મચારીઓનો ભરડો હોય બીજી બાજુ **સરકારના વિભાગમાં મોટા પાયે કર્મચારીઓની ઘટ ત્યારે આઉટ સોર્સીંગ-કોન્ટ્રાક્ટથી ગુજરાતમાં યુવાનોનું આર્થિક શોષણ કરતી ભાજપા સરકારના બેવડા ધોરણ** પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, જાહેર જનતા જ્યાં સીધાં સંપર્કમાં આવે છે તેવા વિભાગોમાં 50 ટકા થી વધુ જગ્યાઓ ખાલી છે. રોજબરોજની જરૂરીયાત એવા કામો માટેની સેવા આઉટ સોર્સીંગ અને કોન્ટ્રાક્ટ દ્વારા સરકાર ચલાવી રહી છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પરની સરદાર સરોવર યોજનાના મુખ્ય ઓપરેશન પરના અધિકારીઓ સાત વર્ષથી નિવૃત્તી પછી સત્તા ભોગવી રહ્યાં છે. સરદાર સરોવર સહિતના મહત્વના પ્રોજેક્ટમાં 45 ટકા કરતાં વધારે જગ્યા ખાલી છે. ગુજરાતમાં 4,69,133 કાયમી કર્મચારીનું મહેકમ છે.

સરકાર જે કાયમી ભરતી પ્રક્રિયા હાથ નહીં ધરે તો આગામી 10 વર્ષમાં ગુજરાતના અનેક વિભાગો કર્મચારી વિનાના ખાલી થઈ જશે.

શિક્ષણ વિભાગમાં 32000 શિક્ષકો સાથે મહત્વની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. આરોગ્ય વિભાગમાં મોટા ભાગના વર્ગ-3 અને 4ના કર્મચારી કોન્ટ્રાક્ટ અને આઉટ સોર્સીંગથી ચાલી રહ્યાં છે. રાજ્યના મહેસુલ વિભાગમાં ૬ હજાર થી વધુ તલાટીની જગ્યા ખાલી છે. બે-ત્રણ ગામ વચ્ચે એક તલાટીની જવાબદારી સંભાળે છે. વસ્તીના પ્રમાણે કાયદો-વ્યવસ્થા સંભાળતા પોલીસ દળમાં 40 ટકા જેટલી જગ્યાઓ ખાલી છે. રાજ્યની વસ્તીમાં વધારો થયો પણ કર્મચારીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

'વાંચે ગુજરાત'ની જાહેરાત કરતી ભાજપ સરકારે 15 વર્ષથી શાળા કોલેજ જાહેર વાંચનાલયમાં લાયબ્રેરીયનની ભરતી કરવામાં આવતી નથી. 'રમશે ગુજરાત'ની વાતો કરતી ભાજપ સરકારમાં શારીરિક શિક્ષણના શિક્ષકો / અધ્યાપકોની 15 વર્ષથી ભરતી કરવામાં આવી નથી. શું આ રીતે રમશે ગુજરાત ? તલાટી ભરતી માટે 15 - 15 લાખ રૂપિયામાં રાજ્યવ્યાપી ભરતી કૌભાંડ પણ ભાજપ સરકારના ભ્રષ્ટ વહીવટમાનું એક ઉત્તમ ઉદાહરણ સાબિત થયું છે. ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં 4.5 થી 5 લાખ જગ્યા લાંબા સમયથી ખાલી છે. અબજો રૂપિયાના રોકાણ, કરોડો રોજગારીના દાવા સાથે યોજાતી વાઇબ્રન્ટ સમિટના નામે ભાજપ સરકાર ગુજરાતના યુવાનોને ગુમરાહ કરી રહી છે. છેતરપીંડી કરી રહી છે. છેલ્લા અઢી દાયકા જેટલા લાંબા સમયગાળાના ભાજપના શાસન દરમ્યાન ગુજરાતની એક આખી નવી પેઢી, બેરોજગારી, દિશાવિહીનતાની ગર્તામાં ધકેલાઈ ગઈ છે. **શિક્ષક વિનાની શાળા, ગ્રામસેવક વિનાનું ગામ, ડોકટર વિનાનું દવાખાનું, શાળા વિનાનું ગામ, આ તે કેવું ગતિશીલ ગુજરાત ?** આઉટ સોર્સિંગ - કોન્ટ્રાકટ એજન્સીઓની સરકારના મંત્રી- સંત્રી સાથેની ગોઠવણના લીધે આઉટ સોર્સિંગ- કોન્ટ્રાકટ નામે ગુજરાતના 9.5 લાખ જેટલા યુવાન - યુવતીઓનું મોટા પાયે આર્થીક શોષણ થઇ રહ્યું છે. ત્યારે ભાજપ સરકાર ગુજરાતના લાખો યુવાનોની કારકિર્દી અને જિંદગી સાથે રમત રમવાનું બંધ કરે.

(ડૉ. મનીષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

**નોંધઃ આ સાથે જી.પી.એસ.સી. દ્વારા મોકુફ રખાયેલ વિવિધ પરીક્ષાઓની યાદી આપને ઈ-મેઈલ કરેલ છે.**

| મોકુફ તારીખ | ક્રમ | જગ્યાનું નામ અને વર્ગ | જાહેરાત ક્રમાંક | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૨૧/૦૭/૨૦૨૩ | ૧ | અધીક્ષક, વર્ગ-૨ (નિયામકશ્રી, અભિલેખાગારની કચેરી) | ૦૧/૨૦૨૩-૨૪ | ૦૪ |
| | ૨ | પુરાતત્વિય રસાયણવિદ, વર્ગ-૨ | ૧૧/૨૦૨૩-૨૪ | ૦૧ |
| ૦૮/૦૮/૨૦૨૩ | ૧ | હિસાબી અધિકારી, વર્ગ-૨ | | |
| ૦૨/૦૯/૨૦૨૩ | ૧ | કાર્ડિયોલોજી વર્ગ-૧ | ૧૪/૨૦૨૩-૨૪ | ૪ |
| | ૨ | મેડીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી વર્ગ-૧ | ૧૫/૨૦૨૩-૨૪ | ૧ |
| | ૩ | સી.ટી.સર્જરી વર્ગ-૧ | ૧૭/૨૦૨૩-૨૪ | ૧ |
| | ૪ | ઈમ્યુનો હિમેટોલોજી એન્ડ બ્લડ ટ્રાન્સફ્યુઝન (આઈ.એચ.બી.ટી.) વર્ગ-૧ | ૨૨/૨૦૨૩-૨૪ | ૧ |
| ૦૯/૧૦/૨૦૨૩ | ૧ | સાયન્ટિફિક ઓફિસર (બાયોલોજી જૂથ), વર્ગ-૨ | ૪૫/૨૦૨૩-૨૪ | ૦૬ |
| | ૨ | ફિઝિસ્ટ (પેરામેડીકલ), વર્ગ-૨ | ૪૪/૨૦૨૩-૨૪ | ૦૩ |
| ૧૮/૧૧/૨૦૨૩ | ૧ | અધિક મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૩ (GWRDC) | ૫૦/૨૦૨૩-૨૪ | ૨૭ |
| | ૨ | પ્રિન્સિપાલ / સુપ્રિટેન્ડન્ટ (હોમિયોપેથી) વર્ગ-૧ | ૫૭/૨૦૨૩-૨૪ | ૧ |
| | ૩ | અધિક મદદનીશ ઈજનેર (યાંત્રિક), વર્ગ-૩ (GWRDC) | ૪૯/૨૦૨૩-૨૪ | ૧૦ |
| | ૪ | નિમ્ન વૈજ્ઞાનિક અધિકારી (ખોરાક), વર્ગ-૧ | ૫૬/૨૦૨૩-૨૪ | ૨ |
| | ૫ | ઔષધ નિરીક્ષક અધિકારી, વર્ગ-૨ | ૫૫/૨૦૨૩-૨૪ | ૩૨ |
| | ૬ | લઘુ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૩ (GWRDC) | ૫૧/૨૦૨૩-૨૪ | ૪૪ |
| | ૭ | સિનિયર સાયન્ટિફિક આસિસ્ટન્ટ, વર્ગ-૩ (GWRDC) | ૫૨/૨૦૨૩-૨૪ | ૨ |
| ૦૫/૧૨/૨૦૨૩ | ૧ | ભૂમિ મોજણી અધિકારી, વર્ગ-૧ (નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ) | ૫૩/૨૦૨૩-૨૪ | ૩ |
| | ૨ | નાયબ ભૂમિ મોજણી અધિકારી, વર્ગ-૨ (નર્મદા, જળ સંપત્તિ, પાણીપુરવાઠા અને કલ્પસર વિભાગ) | ૫૪/૨૦૨૩-૨૪ | ૫ |
| | ૩ | નાયબ કાર્યપાલક ઈજનેર (યાંત્રિક), વર્ગ-૨ (GWRDC) | ૪૮/૨૦૨૩-૨૪ | ૧ |
| | ૪ | અધિક મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૩ (GMC) | ૬૮/૨૦૨૩-૨૪ | ૫ |
| | | | | |